
## વડીલોને વંદન
## અભિનંદન



મંગળદાસ સુરજકર
(૧૯૪૮) મો. ૯૬૦૧૬૨૧૬૯૫

# શામળાજી સેલટેક્ષ ચેકપોસ્ટ પર સાઈઠથી વધુ અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન

### બે ડે. કમિશ્નર, ચાર આસીસ્ટન્ટ કમિશનર અને આઠ ઈન્સપેકટરો ધ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયુ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૫

અરવલ્લી જીલ્લામાં છેલ્લા બે દિવસથી જાણે દરોડાની મોસમ હોય તેમ અરવલ્લી જીલ્લામાં ઉપરા છાપરી અલગ અલગ ખાતાના અધિકારીઓ ધ્વારા અલગ અલગ ડીપાર્ટમેન્ટમાં દરોડા પાડીને જીલ્લામાં બીલ્ડરો, દુધની ડેરીઓમાં તેમજ સેલટેક્ષ ચેકપોસ્ટ ઉપર દરોડા પાડી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

ગુજરાત અને રાજસ્થાન ઉપર આવેલી મહત્વની સહાયક વાણીજય વેરા ચેક પોસ્ટ છેલ્લા કેટલાય સમયથી જાણે ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ હોય તેમ લાગી રહયુ છે. થોડાક દીવસો અગાઉ આ ચેક પોસ્ટ ઉપર એસીબીના અધિકારીઓએ બાતમીના આધારે વોચ ગોઠવીને ૮ જેટલા ટ્રકોને ટેક્ષભર્યા વગર પસાર થતી ટ્રકો પકડી પાડીને ૨૩ લાખ રૂપીયાથી વધુની કરચોરી પકડી પાડી હતી.

ત્યારે આજે ફરીથી આ ચેક પોસ્ટ પર અમદાવાદની સહાયક વાણીજય વેરા કમિશ્નર કચેરીની ફલાઈગ સ્કવોડના ૨૫ કરતા પણ વધારે અધિકારીઓની ફલાઈગ સ્કવોર્ડની ટીમોએ આ ચેક પોસ્ટ પર ઓચિંતો છાપો મારી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ અને સર્ચ ઓપરેશન દરમ્યાન ૧૦૦ જેટલી ટ્રકોને ચેકપોસ્ટ પર ઉભી રાખી ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં અધિકારીઓ ધ્વારા બીલ્ટીને પરમીટની તપાસ કરવામાં આવી હતી તેમજ ૩૫ જેટલા ટ્રકોને મેમો આપવામાં આવ્યો હતો અને હજુ પણ આ સર્ચ ઓપરેશનની કામગીરી ચાલુ હોવાનુ જણાવાયુ હતુ. જયારે આ બાબતે આધારભુત સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આ રેડમાં બે ડે. કમિશ્નર તેમજ ચાર આસીસ્ટન્ટ કમિશ્નર અને આઠ ઈન્સપેકટરો સહિત અન્ય અધિકારીઓના કાફલાએ સર્ચ ઓપરેશન ધર્યુ હતુ. ત્યારે આ સર્ચ ઓપરેશન દરમ્યાન આ અધિકારીઓ ધ્વારા કેટલાક ડ્રાઈવરોને માર મારવામાં આવ્યો હતો. ત્યારે રાજસ્થાનના રાજસમંદના રહેવાસી પ્રેમસીંગ અને મોહનભાઈના જણાવ્યા અનુસાર આ અધિકારીઓએ કાગળો અને પરમીટો હોવા છતાં પણ ખોટી રીતે હેરાન કરીને રાત્રીના ૧૨ વાગ્યાથી હેરાન પરેશાન કરી નાખ્યા છે. જયારે અધિકારીઓ બીન ડ્રેસમાં હોવાને લીધે ડ્રાઈવરો અધિકારીઓને ન ઓળખતા અધિકારીઓ ધ્વારા ડ્રાઈવરોને માર મારવામાં આવ્યો હતો જેને લઈને ડ્રાઈવરો રોષે ભરાયા હતા ત્યારે આ સમગ્ર સર્ચ ઓપરેશન પુરુ થયે લાખો રૂપીયાની કરચોરી બહાર આવે તેવી શકયતાઓ દેખાઈ રહી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજ ટોલનાકા હંગામામાં ધારાસભ્ય સહિત ૧૫૦ સામે પોલીસ ફરિયાદ

### સમાધાન કરાવા ગયેલા ધારાસભ્ય સામે ટોલ સંચાલક દ્વારા કરાયેલ ફરિયાદ પાછળ રાજકીય રમતની આશંકા : ફરિયાદ સામે ફરિયાદ નોંધવા લોકોની રજૂઆત : આજે ધારાસભ્ય સહિત અનેક લોકો એક દિવસના પ્રતિક ઉપવાસ કરશે

પ્રાંતિજ, તા.૫


પ્રાંતિજ પાસેના કતપુર ગામે હાઈવે ટોલનાકા પર ગઈ કાલે સ્થાનિક વાહનચાલકો દ્વારા કરાયેલા હંગામાની ટોલ સંચાલકે પોલિસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ૧૫૦ વ્યકિતઓ સામે તોડફોડનો કેસ કરવામાં આવ્યો છે. જેમાં લોક પ્રતિનિધિ તરીકે રજુઆત કરવા ગયેલા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનો પણ સમાવેશ થાય છે. આ ઘટનાએ આટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હોવા છતાં ભાજપના એક પણ અગ્રણીએ ઘટના સ્થળે ફરકવાની તસ્દી લીધી ન હોતી.

છેલ્લા કેટલાય દિવસથી ટોલ સંચાલક અને વાહન ચાલકો દ્વારા બોલાચાલીના બનાવો બની રહ્યા હતા જેમાં ઉશ્કેરાયેલા ટોળા સંચાલકે વાહનચાલકોને બંદુક બતાવી ફાયરીંગ કરવાની ધમકી પણ આપી હતી અને ઉદ્ધતાઈભર્યા વર્તન સાથે ગાળા ગાળી પણ કરી હતી. આ કારણે ઘટનાએ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગઈ કાલે ૧૮૦૦થી વધુ વાહન ચાલકોએ હંકામો કર્યો હતો જેમાં ટોલ બુથના કાચ અને સીસીટીવી કેમેરાને તોડી નાંખવામાં આવ્યા હતા.

આ ઘટના ક્રમમાં લોકોને શાંત કરવા અને ટોલનાકા સંચાલક સમક્ષ રજુઆત કરવા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઘટના સ્થળે ધસી ગયા હતા પરંતુ ટોલ સંચાલકે કરેલ પોલિસ ફરિયાદમાં તેમની ઉપર પણ કેસ કર્યો છે.

આ પોલિસ ફરિયાદના પગલે આજે પ્રાંતિજ માર્કેટયાર્ડમાં એક હજારથી વધુ લોકો જેમાં ખેડૂતો, વેપારીઓ અને અન્ય વાહન ચાલકોનો પણ સમાવેશ થાય છે તેમણે એકઠા થઈ ફરિયાદ સામે ફરિયાદ નોંધાવવા તેમજ ટોલ સંચાલકની દાદાગીરી તેમજ ખુલ્લી ધમકીનો સમાવેશ કરવા જેવી બાબતો સાથે પ્રાંત અધિકારીની કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું. ટોલ સંચાલક દ્વારા સમાધાન કરાવવા ગયેલા ધારાસભ્યનું એફઆઈઆરમાં નામ નોંધાવવા પાછળ રાજકીય સંડોવણીની આશંકા સેવાઈ રહી છે. આ સમગ્ર ઘટના ક્રમમાં ભાજપના અગ્રણીઓ આશ્ચર્યજનક રીતે દૂર રહ્યા હતાં.

આ ઘટનાના પગલે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સ્થાનિક વાહન ચાલકો તેમજ આસપાસના વિસ્તારના અનેક લોકો સાથે એક દિવસના પ્રતિક ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપવાસ દ્વારા તેઓ સ્થાનિક વાહન ચાલકો માટે ટોલટેક્ષ માફ કરવા અને તેમને માટે સર્વિસ રોડ બનાવી આપવાની માંગ કરવાના છે ત્યારે સરકાર તરફથી કેવો પ્રતિભાવ મળશે તે અંગે તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ક્ષત્રિય ઠાકોર મેરેજ બ્યુરો દ્વારા સંમેલન

શુભ-લાભ ઠાકોર ક્ષત્રિય મેરેજ બ્યુરો દ્વારા બીજો પરિચય પસંદગી સંમેલન આગામી તા. ૮ ફેબ્રુઆરી, રવિવાર બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૨૩ સ્થિત ખિમજી વિસરામ હોલ ખાતે યોજવામાં આવશે. સંમેલનમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. તેમજ જે યુવક યુવતિઓએ રજીસ્ટ્રેશન ફોર્મ ભર્યુ નથી તેમણે **www.thakorMatrimony.com** પર જઈ ફોર્મ ભરવા જણાવાયું છે.

## ડૉ. શોમ શર્માના પત્ની સરોજબેનનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. શોમ શર્માના પત્ની સરોજબેનનું દુઃખદ અવસાન થતા તબીબી આલમમાં શોકનું મોજુ પ્રવર્ત્યુ છે. આજે સાંજે ૬.૧૫ કલાકે સદ્ગતની અંતિમયાત્રા નીકળી હતી. તેમની અંતિમયાત્રામાં નગરના ડૉક્ટરો સહિત સ્થાનિક અગ્રણીઓ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ડૉ. શોમ શર્માના પત્નીના નિધનથી તેમના પરિવારજનોમાં પણ દુઃખની લાગણી પ્રવર્તી છે.

## સાહિત્ય સભાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૮ ફેબ્રુઆરી રવિવારના રોજ સાંજે ૫-૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવશે. સભામાં સંસ્થાના સભ્ય ભાલચંદ્ર કાજરેકર દ્વારા મરાઠી ભાષામાંથી અનુવાદીત કરાયેલ ‘આવા સાહેબની વાતો’ પુસ્તકનું વિમોચન અને લોકાર્પણ વિધિ કરવામાં આવશે. જેમાં સર્વે સભ્યો, સાહિત્યકારો ને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# મોડાસામાં આવેલ ભોલેનાથ દૂધ ડેરી પર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી બનાવટી દુધ ઉત્પાદનની વસ્તુઓ બનાવીને વેચવાનો વ્યવસાય ફુલ્યો ફાલ્યો છે. જેમાં અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં ભેળસેળ વાળુ દૂધ તેમજ દૂધમાંથી બનતી વીવિધ બનાવટો જેવી કે માવો, બાસુંદી, રસમલાઈ, ઘી, દહિં, છાશ વગેરે વસ્તુમાં ભેળસેળ અને મીલાવટ કરીને મોડાસાની જનતાના આરોગ્ય સાથે વેપારીઓ ધ્વારા ચેડા કરવામાં આવી રહયા છે.

ત્યારે આજ રોજ અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ધ્વારા અંગત બાતમીના આધારે નેશનલ ફુડ એન્ડ સેફટીના કાયદા હેઠળ આજે મોડાસાના સાંઈ મંદીર સામે આવેલી જલદર્શન કોમ્પ્લેકસમાં આવેલ ભૈરવનાથ દુગ્ધાલયના પાર્લર ઉપર ઓચિતિ રેડ કરતાં વેપારી ધ્વારા પોતાના વતન મેઢાસણ ખાતે તેના નિવાસ સ્થાને વગર લાયલન્સે આજુબાજુથી દુધ એકઠુ કરી અને તેમાં પ્રોસેસ કરી તેના મોડાસા પાર્લર ખાતે વેચવા લાવતો હોવાની બાતમીના અધારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ધ્વારા તેના નિવાસ સ્થાને પણ રેડ પાડવામાં આવી હતી. પરંતુ ત્યાં ન મળતા પાર્લર પણ રેડ કરીને તેની ડેરીમાં કેનમાંથી દુધનુ સેમ્પલ લઈને સીલ બંધ કરીને તેમાં ભેળસેળ છે કે નહિ તેનુ પરીક્ષણ કરવા માટે રાજકોટ ભુજ અને વડોદરા ખાતે આવેલી લેબોરેટરીમાં તપાસ માટે મોકવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જયારે મોડાસામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની રેડની અન્ય વેપારીઓને માહિતી મળતા દુધની બનાવટોમાં ભેળસેળ કરી ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા કરતાં વેપારીઓ ભુર્ગભમાં ગરી ગયા હતા અને વેપારીઓમાં ફફળાટ વ્યાપી ગયો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મોડાસાના નાયબ મામલતદાર અગરસિંહ ચૌહાણને પાલિકાના ચીફ ઓફીસરનો ચાર્જ સોપાયો

(સમીર બલોચ) મોડાસા, તા.૫

મોડાસા નગરપાલિકા ના ચીફ ઓફીસર એલ. બી. દેસાઈ હાઉઉસીંગ બોર્ડની ખાલી પડેલ જગ્યા પર પરત ફરતાં કલેકટર કચેરીમાં ના. મામલતદાર તરીકે ફરજ બજાવતા અગરસિહ ચૌહાણને મોડાસા પાલિકાના ચીફ ઓફીસર તરીકે ચાર્જ સોપવામાં આવ્યો હતો. જયાં સુધી નવા ચીફ ઓફીસરની નીમણુક ન થાય ત્યાં સુધી ના.મામલતદાર મુખ્ય અધિકારી તરીકેનો ચાર્જ સંભાળશે.

મોડાસા નગરપાલિકામાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા દેસાઈ જે તે સમયે હાઉસીંગ બોર્ડના ઈજનેર તરીકે કાર્યરત હતા ત્યારે મોડાસા ખાતે તેમને ચીફ ઓફીસર તરીકે મોકલવામાં આવ્યા હતા. પરંતુ હાલ હાઉસીંગ બોર્ડમાં આ જગ્યા ખાલી પડતા તેમને ફરીથી ત્યાં પાછા મોકલવામાં આવ્યા હતા. આ અંગે રાજયના અનેક ઈજનેરો ધ્વારા કોર્ટમાં ઘા નાખવામાં આવી છે. દરમ્યાન કોર્ટે ચીફ ઓફીસરોને પુનઃ હાઉસીંગ બોર્ડના ઈજનેર તરીકે પરત મોકલવાનો હુકમ કર્યો હતો. આ હુકમને પગલે મોડાસા નગરપાલિકાના ચીફ ઓફીસર દેસાઈ પણ હાઉસીંગ બોર્ડમાં પરત ફર્યા હતા. પરિણામે નગરપાલિકાના ચીફ ઓફીસરની જગ્યા ખાલી પડતા કલેકટર કચેરીમાં ફરજ બજાવતા ના. મામલતદાર અગરસિંહ ચૌહાણને મુખ્ય અધિકારી તરીકેનો ચાર્જ સોપાયો હતો. ત્યારે બુધવારે ચીફ ઓફીસર એલ. બી. દેસાઈએ ચાર્જ છોડતા ના. મામલતદાર અગરસિંહે ચીફ ઓફીસર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.



## વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૫

નટુભાઈ ઠકકર ફાઉન્ડેશન દ્વારા વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા ગત ૨૦ જાન્યુઆરીના રોજ મગોડી સ્થિત હાઈસ્કુલ ખાતે યોજાઈ હતી. વકતૃત્વ સ્પર્ધામાં શ્રીમતી પન્નાબેન પટેલ માધ્યમિક વિભાગની હિરલ ચૌધરી અને નિકીતા ખોડાએ ટ્રોફી અને પુરસ્કાર મેળવ્યો હતો તેમજ નિબધ સ્પર્ધામાં પંકિત પ્રજાપતિએ બીજો નંબર મેળવી રોકડ પુરસ્કાર મેળવી શ્રીમતી આર.જી. પટેલ કન્યા અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાનું ગૌરવ વધાર્યું હતું.

## સ્વાઈન ફ્લુનો કહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ પોઝીટીવ કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દીનું મોત નીપજ્યું છે. જ્યારે બે દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બે દર્દીઓ જે શંકાસ્પદ મળ્યા છે. એક દર્દીના લોહીના નમુના તપાસ માટે મેળવી અમદાવાદ મોકલવામાં આવ્યા છે.

દરમ્યાન જિલ્લા આરોગ્યતંત્રએ સ્વાઈન ફ્લુને પગલે સર્વેલન્સની કામગીરી સઘન બનાવવા માટે તાકીદ કરી છે. આ ઉપરાંત જે વિસ્તારમાંથી આવા કેસ મળે તે દર્દીના ઘરની આસપાસના ૧૦૦ જેટલા ઘરોમાં આયુર્વેદના ઉકાળાનું વિતરણ કરવાની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવેલ છે.

સામાન્ય ફ્લુના કેસ જણાય તો પણ તંત્રના ધ્યાને તાત્કાલિક મુકવા માટે જણાવાયું છે. સ્વાઈન ફ્લુના કેસો જે રીતે વધી રહ્યા છે તે માટે હવામાનમાં ઠંડીના વધતા પ્રભાવ તેમજ ભેજવાળુ વાતાવરણ પણ જવાબદાર હોવાનુ માનવામાં આવી રહ્યું છે. જો આનુ આ હવામાન ચાલુ રહે તો કેસોની સંખ્યા વધે તેવી સંભાવનાઓ પણ ટાળી શકાય નહિ.

## પ્રદર્શનનો પ્રારંભ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દેશની પ્રથમ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી શરૂ કરવા અમેરિકાની યુનિવર્સિટી ઓફ મેસેચ્યુએટ્સનો સહયોગ લેવાશે. તેમણે જણાવ્યું હતું કે રાજયમાં પ્લાસ્ટીક ઉદ્યોગ માટેનો કાચો માલ ઉપલબ્ધ છે. પ્રોસેસિંગ અને ઉત્પાદન પણ થાય છે. ત્યારે આંતરરાષ્ટ્રીય માપદંડ બેંચ માર્ક સાથેના ઉત્પાદન તરફ ધ્યાન આપવુ અનિવાર્ય છે. જેથી ભારત પ્લાસ્ટીક ઉદ્યોગોના ઉત્પાદનનું આંતરરાષ્ટ્રીય હબ બની શકે. જેના માટે કુશળ માનવ સંશોધન, ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત પેદાશ અને જીરો ઈફેક્ટ જીરો ડીફેક્ટની દિશામાં કદમ આગળ વધાવવા અનુરોધ કર્યો હતો. તેમણે ઓછી કિંમતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટે રીચર્સ અને ડેવલપમેન્ટનું મહત્વ સમજાવતા પશ્ચિમી દેશો પર નિર્ભર રહેવા કરતા સ્વયં શોધ અને સંશોધન તરફ ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત પ્લાસ્ટીક ઉત્પાદનનો પર્યાવરણ પર દુષ્પ્રભાવ અટકાવવા રીસાયકલીંગની ટકાવારી વધારી ‘મોરલ પોલિસીંગ’ કાર્ય ઉદ્યોગોને અપનાવવા પણ જણાવ્યું હતું. તેમણે જણાવ્યુંહતુ કે વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૫ અન્વયે પ્લાસ્ટીક ઉદ્યોગના ક્ષેત્રે ગુજરાતમાં ૧૦૭૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેશન્સ સંપન્ન થયા છે. આ ઉદ્યોગોમાં પ્રધાનમંત્રીના સ્કિલ ઈન્ડીયા અને મેઈક ઈન ઈન્ડીયાનો અભિગમ સાકાર થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. આ તબક્કે ઉર્જામંત્રી સૌરભ પટેલે ગુજરાતને મેન્યુફેક્ચરીંગ હબ બનાવવામાં પ્લાસ્ટીક ઉદ્યોગોની પ્રસંશા કરી વિશ્વના ઉત્પાદકોને ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા રાજ્ય સરકારની ઉદ્યોગનીતિ પ્રોત્સાહકબળ પુરૂ પાડનારી હોવાનું જણાવ્યું હતું. પ્લાસ્ટ ઈન્ડીયાના ઉત્પાદન પ્રસંગે પ્લાસ્ટ ઈન્ડીયા કોન્ફર્મેશનના પ્રમુખ સુભાષ કડકીઆ નેશનલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલર પ્રમુખ જે. આર. શાહ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર નિખિલ મેશવાની મુખ્ય સચિવ ડી.જે. પાંડિયન ઉપરાંત પ્લાસ્ટીક ઉદ્યોગોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વણઝારાને જામીન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત પ્રાથમિક પરવાનગી વગર દેશ ન છોડવાનો આદેશ કર્યો હતો. ઉપરાંત કોર્ટે પાંડે ઉપર અન્ય શરતો પણ મુકી હતી. જે મુજબ કેસની તપાસને ખોરવી નાંખવાના કોઈ પ્રયાસ ન કરવા તેમને કહેવામાં આવ્યું છે. આ કેસના સંબંધમાં કોઈ સાક્ષી ઉપર વર્ચસ્વ ન જમાવવા પણ કહેવામાં આવ્યું છે. પાંડેને દર ગુરુવારે સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. ટ્રાયલ દરમિયાન પણ ઉપસ્થિત રહેવું પડશે. મુંબઈ સ્થિત ઈશરત, પ્રણેશ પિલ્લાઈ ઉર્ફે જાવેદ શેખ, અમઝદ અલી રાણા અને જિશાન ઝોહરને અમદાવાદ ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ ૧૫મી જુન ૨૦૦૪ના દિવસે શહેરના પરા વિસ્તારમાં એનકાઉન્ટરમાં ઠાર માર્યા ત્યારે જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ હતા. સીબીઆઈના જણાવ્યા મુજબ, ગુજરાત પોલીસ અને આઈબી દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ કેસની સુનાવણી દરમિયાન વરિષ્ઠ એડવોકેટ નિરુપમ નાણાવટીએ પાંડે તરફથી દલીલ કરી હતી અને કહ્યું હતું કે, તેમના અસીલ સામે અન્ય આઈપીએસ અધિકારી સતીષ વર્મા વતી કેસ દાખલ કરાયો છે. સીબીઆઈએ આઈબી અધિકારીઓની ધરપકડ પણ કરી નથી. માત્ર ગુજરાત પોલીસના અધિકારીઓ સામે કાર્યવાહી કરી હતી. જ્યારે જામીનનો વિરોધ કરતાં સીબીઆઈના એલડી તિવારીએ કહ્યું હતુ કે, પાંડે કાવતરાના ભાગરૂપે હતા. જેના લીધે ચારને ઠાર મારી દેવાયા હતા. વણઝારા ઉપર પણ કેટલીક શરતો લાદવામાં આવી છે. જે મુજબ તેઓ હાલમાં મુંબઈથી અમદાવાદ આવી શકશે નહીં.

## શબ્દાવલી - ૫૬૩૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | | | ■ | |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ■ | ■ |
| ■ | ૧૩ | | | ■ | | | |
| ૧૪ | | ■ | ■ | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | | ■ | | ■ | |
| ૧૯ | | | ■ | ૨૦ | | | ■ |

### આડી ચાવી

૧. ગાયન કે વાદન (૩)
૪. પરમાત્મા, મનોવૃત્તિ જાણનાર (૪)
૭. મતોની ભિન્નતા, મતભેદ (૬)
૯. ટૂંકી બાંયનું ખુલતું એક પહેરણ (૩)
૧૦. તેજ, પુંજ (૨)
૧૨. વિદ્વાન સ્ત્રી (૩)
૧૩. મર્યાદા, માન (૩)
૧૪. કૂવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો (૨)
૧૫. રાજા રામનું રાજય (૪)
૧૭. બેડોળ, કુબડુ (૪)
૧૯. માનવ, માણસ (૩)
૨૦. ગંગાનદી, ગંદા નદીનું એક નામ (૩)

### ઊભી ચાવી

૧. અનુમતિ, હકારસૂચક કબુલાત (૩)
૨. ગાયન, ગાણું (૨)
૩. અંધારું, અજ્ઞાન (૩)
૪. મુખડા પછી આવતી બીજી ગાયનની કડી (૩)
૫. દહીં કે દૂધ પરથી મલાઇનું પડ (૨)
૬. ઓછું બોલતી વ્યક્તિ (૪)
૮. એક પ્રકારની ભાજી (૪)
૧૦. એક કંદ જેની સુંઠ બને (૨)
૧૧. યમલોક, યમસ્થાન (૫)
૧૨. લખાણ વાંચતા થોભવાની નિશાની (૫)
૧૪. કોકંલ, એક ખાટું ફળ (૩)
૧૬. પાણી ભરવાનું પાત્ર (૨)
૧૮. રોગ, રૂંવાટી (૨)

### શબ્દાવલી ૫૬૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) જવનીકા (૪) પવન (૭) યશ (૮) જપ (૧૦) સખ (૧૧) લખપતિ (૧૨) વસમુ (૧૪) જમરૂખ (૧૭) કરડવું (૧૯) રસીદ (૨૦) જરૂખડો (૨૧) મસ્તરામ

**ઊભી ચાવી :-** (૧) જય (૨) વશ (૩) કાજલ (૫) વસતિ (૬) નખ (૯) પખવાજ (૧૨) વશીકરણ (૧૩) મુકડદમ (૧૫) મશરૂમ (૧૬) ખરડો (૧૮) રસી (૨૦) જરા

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
NOTICE UNDER SECTION 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989
**APPLICATION NO. 1299(A)/1299/2014**
**Miss. Kamal Narayan Mohite** ...Applicant
V/s.
**Smt. Vinaya V. Prabhu** ...Opponent
And
**Bharati Axa Gen. Insu. Co. Ltd.** ...Insurer
To,
**Smt. Vinaya V. Prabhu**
**Add : Shop No. 13, 553/A/UG-4, Jay Apartment, Katheri Nani Daman, Daman and Diu - 396210**
To,
Where as per the attached Application, applicant have lodged application against you to claim compensation Under Section 166 & 140 A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) Of Motor Vehicle Act 1988. Therefore you should remain present in **Court No. 3** on **16/2/2015** at **11.00 A.M.** and show cause why compensation amount demanded by applicant should not be approved. If you will fail to remain present on above mention date then this court will considered that you have nothing to say about the compensation and the court will declared one sided judgement. Kindly note this.
This Notice issued today on **13/1/2015** with my signature and seal of the judiciary Court.
**By Order**
**Registrar**
**M.A.C.T. Mumbai**
**9, H.S. Marg, Mumbai-400 001.**
Court seal

## જાહેર નિવિદા

કમિશનર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગ્રામ્ય આરોગ્ય શાખા, પ્રથમ માળ માટે વિવિધ સ્ટેશનરીના વાર્ષિક ભાવકરાર કરવા માટે સિલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. સ્ટેશનરીના એ-૪ સાઈઝ કોપી પાવર પેપર, લીગલ સાઈઝના પેપર, રંગીન પેસ્ટ ફ્લેગ, સ્ટેપ્લર નાનું અને મોટું, સ્ટેપ્લર પીન, રેડ ટેગ, પંચિંગ મશીન, બ્લેક ક્લીપ પીન, ફેવી ક્વીક, વ્હાઈટનર પેન, હાઈલાઈટર, રૂમ ફ્રેશનર, કપ-રકાબી, કાચના ગ્લાસ, ચા માટેનું થર્મોશ, પ્લાસ્ટીક એલ ફોલ્ડર, ફાઈલ, પાકા પુંઠાના રજીસ્ટર, ફુટ પટ્ટી, પેન ડ્રાઈવ ૮૦૦ જી.બી.ના ભાવો ઉપર જણાવેલ સરનામે જાહેર ખબર પ્રસિદ્ધ થયાના દિન-૭માં પોસ્ટથી અથવા રૂબરૂમાં મોકલી આપવાના રહેશે. સીલબંધ કવરના ઉપરના મથાળે ગ્રામ્ય આરોગ્ય શાખા માટે સ્ટેશનરીના ભાવપત્રક લખવાનું રહેશે. સમય મર્યાદા બાદ મળેલ ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહિ.

૨ । ૬ ૧ / -

માહિતી/૨૩૪૮/૨૦૧૪-૧૫
અધિક નિયામક, આરોગ્ય

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
**(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)**
**જાહેર નિવિદા નં.૭ સને ૨૦૧૪-૧૫**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ રજી. પોસ્ટ/કુરીયરથી ભાવો મંગાવવામાં આવે છે.

| અનુ નં. | કામની વિગત | ૧. ભાવપત્રક ફી<br>૨. અંદાજીત કિંમત | ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | સ્વીકાર કરવાની છેલ્લી તારીખ | ભાવપત્રક ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | વાર્ષિક અહેવાલ છાપકામ/ડીઝાઈન તથા બાઈન્ડીંગ કામ અંગેના ભાવો મોકલવા બાબત (અંગ્રેજી-૪૦૦, ગુજરાતી-૪૦૦) કુલ-૮૦૦ | ૧. ૧૫૦/-<br>૨. | ૧૦-૨-૧૫ | ૧૮-૨-૧૫ | ૧૯-૨-૧૫<br>૧૪૦૦૦૦/- |

નોંધ : કોરા ભાવપત્રક ફોર્મ આસી.જન મેને. (વહીવટ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ૨જો માળ, બ્લોક-૧૨, સચિવાલય, ગાંધીનગર વહીવટી શાખામાંથી અરજી સાથે ભાવપત્રક ફી રોકડેથી ભરપાઈ કર્યા બાદ ઈસ્યુ કરવામાં આવશે. ભાવપત્રક અંગે વધુ વિગત માટે ફોન નં. ૨૩૨૫૨૩૮૭ તથા ૨૩૨૫૨૪૫૨ સંપર્ક કરવાનો રહેશે.

**વેબસાઈટ :** www.sardarsarovardam.org
**આસી. જનરલ મેનેજર (વહીવટ)**
**સસનનિલિ. ગાંધીનગર**
**માહિતી/૨૩૫૩/૨૦૧૪-૧૫**